# સે-૨૧ શાકમાર્કેટ આસપાસના વીજ થાંભલા ગુમ

## દબાણોમાં અદશ્ય વીજ થાંભલાનું અન્ડરગ્રાઉન્ડ વાયરીંગ ફુટપાથ પર જોખમી અવસ્થામાં!!!

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેકટર-૨૧ ખાતે શાકમાર્કેટ વાળા શોપીંગના ફરતે વર્ષો પહેલા લાઈટના થાંભલા ઉભા કરાયેલા હતા. હાલ આ લાઈટના થાંભલા અદશ્ય થઈ ગયા છે અને કેટલેક ઠેકાણે તો તેનું અન્ડરગ્રાઉન્ડ કરાયેલું વાયરીંગ પણ ફૂટપાથ પર જેમનું તેમ જોખમી હાલતમાં જોવા મળી રહ્યું છે.

સે-૨૧ના શાકમાર્કેટની ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવાયેલી છે આ કમ્પાઉન્ડ વોલને અડીને ચોતરફ વીજ થાંભલા દ્વારા માર્કેટને વીજ રોશની મળી રહે તેની વ્યવસ્થા કરાઈ હતી પરંતુ અત્યારે આ થાંભલા કયાં ગયા તેની કોઈને ખબર નથી. આ વીજ થાંભલાનું વાયરીંગ પણ અન્ડરગ્રાઉન્ડ કરાયેલું હતું. જે હાલ ખુલ્લા વાયરો સાથે જેમનું તેમ પડયું છે. માર્કેટના ફરતે કમ્પાઉન્ડ વોલની સાથે ફૂટપાથ પણ બનાવાઈ છે. આ ફુટપાથ પર લારી ખૂમચાવાળાનું ગેરકાયદેસર દબાણ તંત્રની રહેમનજર હેઠળ ફુલ્યુ ફાલ્યું છે. આ દબાણમાં વીજ થાંભલાના અવશેષો દબાઈ જતા અહીં વીજ થાંભલા હતા તેવું કોઈને ખબર પણ પડે તેમ નથી. આ માર્કેટના એક દબાણકર્તા વેપારીએ જણાવ્યું હતું કે અહીં વર્ષો પહેલા વીજ થાંભલા હતા પરંતુ તે કેવી રીતે અને કયાં જતા રહ્યા તે કોઈને ખબર નથી. વળી, આ થાંભલાનું અન્ડરગ્રાઉન્ડ વાયરીંગ પણ જેમનું તેમ છે જો કે અહીં વીજપ્રવાહ બંધ કરી દેવાયો હોવાથી કોઈ જોખમ નથી.



## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૩ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર ૭.૩૨ કલાકનો રહેશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મંગળવારના રોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન મધુબેન કડીકરના કંઠે સેકટર-૩-સી, શકિત ચોક મંદિર ખાતે આનંદનો ગરબો યોજાશે.

## શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં વ્યસન મુકિતનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

આજ રોજ શેઠ સી.એમ. હાઈસ્કુલ ખાતે જનજાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સેકટર-૨૧ પોલીસ સ્ટેશન ગાંધીનગર દ્વારા વ્યસનમુકિત ડ્રગ્સથી થતા નુકશાન અંગે મહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કે.મીની જોસેફ સિનિયર પોલીસ ઈન્સ્પેકટર અને હેડ કોન્સ્ટેબલ અતુલભાઈ પારેખે હાજર રહી બ્રાઉનસુગર, અફીણ, ગાંજા વિશે તથા તેનાથી થતા નુકશાનની માહિતી બાળકોને આપી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યા પ્રહલાદભાઈ પટેલ અને વ્યાયામ શિક્ષક લાભુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## દિલ્હી પબ્લિક સ્કૂલનું ગૌરવ



ગાંધીનગર, તા.૨૭

'ધ સ્કૂલ પોસ્ટ' દ્વારા વાર્ષિક ઈન્ટર સ્કૂલ ઈન્ડીયન કલાસીકલ મ્યુઝિક કોમ્પીટીશનનું આયોજન ભવન્સ કલ્ચરલ આર્ટ સેન્ટર અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. ગાંધીનગરની દિલ્હી પબ્લિક સ્કૂલના બે વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં વોકલ તથા ઈન્સ્ટ્રુમેન્ટલ તેમ બંને વિભાગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ધોરણ-૬માં અભ્યાસ કરતી આંશી નાયકને જુનિયર બેસ્ટ કલાસીકલ સીંગર એવોર્ડ પ્રાપ્ત થયો હતો તેણે રાગ 'બાગેશ્રી' પ્રસ્તુત કર્યો હતો. ધોરણ-૯માં અભ્યાસ કરતા પ્રિન્સ ઠકકરે બેસ્ટ ઈન્સ્ટ્રુમેન્ટાલીસ્ટ તરીકે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તેણે હાર્મોનિયમ પર રાગ 'મુલતાની' રજુ કર્યો હતો. શાળા પરિવારે આ સિદ્ધિ બદલ બંનેને અભિનંદન પાઠવ્યા હતા.

## મહાત્મા મંદિર ખાતે ત્રિદિવસીય કૃષિ એક્ષ્પો-૨૦૧૬નો પ્રારંભ

### ખેડૂતોને કૃષિ ક્ષેત્રે આધુનિક ટેકનોલોજી, ઓર્ગેનિક ખેતી તેમજ વધુ ઉત્પાદન માટે માહીતગાર કરવા સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

મેસર્સ એગ્રો હાઉસ ગાંધીનગર દ્વારા કૃષિ એક્ષ્પો-૨૦૧૬ના ત્રિદિવસીય સેમિનારનો પ્રારંભે આજે મહાત્મા મંદિર ખાતે કરવામાં આવ્યો છે. આ સેમિનારમાં કૃષિ સાથે સંકળાયેલા તમામ વ્યકિતઓ અને ખેડૂતો માટે કૃષિ ટેકનોલોજીનું આધુનિક નવીનતમ તાંત્રિક જ્ઞાન પ્રત્યક્ષ મળી રહે તે માટે કૃષિ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. સેમિનારના પ્રારંભે કૃષિ નિયામક ડૉ.બી.આર. શાહે આધુનિક અને ઓર્ગેનિક કૃષિ વિશે સઘન માહિતી આપી અને તેમના વિભાગની વિવિધ યોજનાઓની ઉંડાણપૂર્વક સમજ આપી હતી. પી.બી. ખિસ્તરીયાએ ગુજરાતમાં કૃષિ વિહંગાવલોકન અને ટકાઉ ખેતી વિશે ઉંડાણપૂર્વક સમજણ



પૂરી પાડી હતી. જે.જી. પટેલે મર્યાદિત જમીનમાં વધુ ઉત્પાદન અને આવક મેળવવા માટેના તબક્કાવાર આયોજનના પગલા સૂચવ્યા હતા. નવસારી કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞ ડૉ. એ.આર. કસાવાલાએ ઓર્ગેનિક ખેતી અંગે વિગતવાર માહિતી આપી હતી. રમણભાઈ ઓઝાઓ ઓર્ગેનિક સર્ટીફીકેશન પોલીસી અંગે મુદ્દાવાર છણાવટ કરી હતી. પ્રો-જી-એગ્રો લીમીટેડના નિયામક સી.એ. ભાટ્ટીએ ખેતીમાં સર્વાંગી વિકાસ કઈ રીતે થાય તે માટે વિશદ છણાવટ કરી હતી. નિહાર આરોગ્ય મંદિરના ડૉ. મુકેશભાઈ પટેલે આદત, આહાર અને યોગ વિષય ઉપર પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમના પ્રારંભે એગ્રો હાઉસના માલિક રમેશભાઈ મહેતાએ પ્રાસંગિક પ્રવચન આપી મહેમાનોની સ્વાગતવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કિરીટકુમાર અગ્રાવતે કર્યું હતું.

## વાતવાતમાં

● સિધ્ધાર્થ લો કોલેજ ખાતે એલએલએમના એડમિશન માટેની ઓનલાઈન એપ્લિકેશનની ડોકયુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયા તા. ૨૮મી જુનથી તા. ૧લી જુલાઈ સુધી ચાલશે. આ પ્રક્રિયા કોલેજના હેલ્પ સેન્ટર ખાતે યોજાશે.

● ગાંધીનગરને કોરુ ધાકોર રાખી સમી સાંજે મેઘરાજા વાવોલ પર મહેરબાન થયા હતા અને સોસાયટીઓમાં પાણી ભરાઈ જાય તેટલો વરસાદ ખાબકયો હતો. વધુ એકવાર વાવોલમાં વિજળી વેરણ થતા યુજીવીસીએલના સત્તાવાળા વાવોલ તરફ મહેરબાન કયારે થશે તેવું રહીશો પુછી રહ્યા છે.

● છેલ્લા બે દિવસથી નવા સેકટરોમાં વાંદરાઓનું એક જુથ ભારે આતંક મચાવે છે. ઝાડ, ધાબા, અગાશી, છાપરા, ગાડીઓ અને રહેવાસીઓએ ઉભા કરેલા શેડ પર કૂદાકૂદ કરી એવો માહોલ સર્જે છે કે જેનાથી રહેવાસીઓ ભયભીત થઈ જવા પામે છે.

## નગરપાલિકા પરિષદના પ્રમુખ પદે પોપટલાલ પટેલ બિનહરીફ

ગાંધીનગર, તા.૨૭



તાજેતરમાં ગુજરાત નગરપાલિકા પરિષદ, ગાંધીનગરની કારોબારીની મીટીંગ ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી. આ સભામાં આગામી ત્રણ વર્ષ માટે પરિષદના પ્રમુખની વરણીનો કાર્યક્રમ પણ યોજાયો હતો. માજી ધારાસભ્ય મણિભાઈ ગાંધીના સૂચનથી હાજર કારોબારી સભ્યના ટેકાથી માન. પોપટલાલ એસ. પટેલની આગામી ત્રણ વર્ષ માટે સળંગ ચોથી વાર બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ત્રણ ઉપપ્રમુખોની વરણી કરાઈ હતી. જેમા આણંદના પ્રજ્ઞેશભાઈ પટેલ, પાટણના મનસુખભાઈ પટેલ, પોરબંદરના લાલજીભાઈ પાંજરી તથા ત્રણ મંત્રીની પણ વરણી કરવામાં આવી હતી. જેમાં પાલિતાણાના પ્રવિણભાઈ ગઢવી અને સિધ્ધપુરના અજિતભાઈ મારફતીયા, અંજારના વસંતભાઈ કોડરાણી તથા ખજાનચી તરીકે કણજરીના નરેન્દ્રસિંહ એફ. રાણાની વરણી કરવામાં આવી હતી.

# સે-૨૧ પોલીસ સ્ટેશન સામે વૃક્ષારોપણ કરી પ્લાસ્ટિકની કોથળીઓ ત્યાં જ ફેંકી દેવાઈ

### એક તરફ વૃક્ષારોપણ કરી પર્યાવરણના જતનનો પ્રયાસ તો બીજી તરફ રોપાઓની કોથળીઓ ત્યાં જ ફેંકી પર્યાવરણને નુકશાન પહોંચાડવાનું કૃત્ય : વડાપ્રધાનના સ્વચ્છતા અભિયાન અને મનપાના પ્લાસ્ટિક ફ્રી સીટી પ્રયાસોનું સૂરસૂરિયું : કોથળીમાં પાણી ભરાતા રોગજન્ય મચ્છરોની ઉત્પત્તિનો ભય

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેકટર-૨૧ પોલીસ સ્ટેશન આગળ વન વિભાગની જગ્યામાં તાજેતરમાં વૃક્ષારોપણ કરાયું છે આ વૃક્ષારોપણ માટે લાવેલા રોપાઓને રોપ્યાં પછી તેની પ્લાસ્ટિકની કોથળીઓ પણ ત્યાં જ ફેંકી દેવાઈ છે. જેથી સમગ્ર વિસ્તારમાં પ્લાસ્ટિકની કોથળીઓ છવાઈ ગઈ છે. એક તરફ શહેરને પ્લાસ્ટિક મુકત કરવા મહાનગર પાલિકાએ ઝુંબેશ ઉપાડી છે ત્યારે અન્ય સરકારી તંત્ર દ્વારા જ પ્લાસ્ટિકના કચરાનું દૂષણ ફેલાવાનું કૃત્ય આચરવામાં આવ્યું છે.

પ્લાસ્ટિક એ કદી નાશ ન પામતો પદાર્થ છે. તેથી જયારે તે જમીનમાં દટાઈ જાય છે ત્યારે પણ તેનો નાશ થતો નથી જેના કારણે તેટલા ભાગની જમીનમાં પાણી ઉતરતું બંધ થઈ જાય છે. વળી, ખુલ્લામાં પડેલી પ્લાસ્ટિકની થેલીઓ કચરા સાથે મળે છે અને ગાય, ભેંસ જેવા પશુઓના ચારા સાથે તેમના પેટમાં પહોંચી જાય છે અને મુશ્કેલી પેદા કરે છે. પ્લાસ્ટિકની કોથળીઓ જમીન પર પડી હોય એટલે હવે ચોમાસાની સીઝનમાં વરસાદ પડશે ત્યારે તેમાં વરસાદી પાણી ભરાશે અને છેવટે આવા ભરાઈ રહેલા પાણીમાં



રોગજન્ય જીવાણુઓ મેલેરિયા, ડેન્ગ્યુ જેવા ખતરનાક રોગો પેદા કરતા મચ્છરોની ઉત્પત્તિ થવાનું જોખમ વધી જશે. કોથળીઓમાં ભરાઈ રહેલા પાણીથી મચ્છરોને બ્રિડીંગ માટેનું સ્થાન પ્રાપ્ત થશે જે સે-૨૧ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ સહિત આસપાસના વિસ્તારના રહીશો માટે જોખમકારક બની રહેશે.

આ સ્થળે સરકારી કાર્યક્રમ મુજબ વૃક્ષારોપણ તો કરી દેવાયુ પરંતુ વૃક્ષારોપણ માટે લવાયેલા રોપાઓ જે કોથળીઓમાં હતા તે કોથળીઓમાંથી છોડ કાઢીને વાવી દેવાયો છે પરંતુ કોથળીઓ ત્યાં જ ફેંકી દેવાતા સમગ્ર વિસ્તાર કોથળીઓના કચરાથી ખદબદી રહ્યો છે. અહીંથી પસાર થતા નગરજનો પણ આ દશ્ય જોઈ આવું બેદરકારીભર્યું વૃક્ષારોપણ કરવા બદલ ફિટકાર વરસાવી રહ્યા છે. એક તરફ વૃક્ષો વાવી પર્યાવરણને બચાવવા પ્રયત્ન કરાયો છે પરંતુ એ સાથે જ બીજી તરફ પર્યાવરણને નુકશાન પહોંચે તેવું કામ પ્લાસ્ટિકની કોથળી ત્યાની ત્યાં જ ફેંકીને કરાયું છે. આ કૃત્યથી વડાપ્રધાન પ્રેરિત સ્વચ્છતા અભિયાનના દાવાઓ પણ પોકળ સાબિત થઈ રહ્યા છે. સત્વરે આ પ્લાસ્ટિકની કોથળીઓ અહીંથી ઉપાડી હટાવી લેવાય અને સમગ્ર વિસ્તારને સ્વચ્છ કરી દેવાય તેવી નગરજનોમાં માંગ ઉઠવા પામી છે.

## એમ.બી. પટેલ કન્યા શાળામાં વાલી સંમેલન યોજાયું




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ-૩ થી ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની બહેનોના વાલીઓની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના શિક્ષિકા અલકાબેન પટેલે ગણિત અને વિજ્ઞાન વિષય તથા જયશ્રીબેન પટેલે વિવિધ ભાષાઓ તથા સામજિક વિજ્ઞાન વિષયમાં બાળકોનો રસ કેળવાય, ભણવાની ઉત્સુકતા વધે તથા સરળતાથી શીખવવા અંગે વાલી મિત્રોને જાણકારી આપવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો તથા શાળાના શિક્ષક ચંદ્રકાન્તભાઈએ વિદ્યાર્થીનીઓની પ્રગતિ, વિકાસ અને સફળતા માટે શાળાની શૈક્ષણિક તથા અન્ય પાસાઓની વિગતવાર માહિતી આપી હતી. અંતે શાળાના આચાર્યા નીરૂબેન પટેલે ઉચ્ચ અભ્યાસની સાથે જીવન ઘડતરમાં શિક્ષણનું મૂલ્ય સમજાવ્યું હતું તેમજ ઉપસ્થિત વાલી મિત્રો પ્રત્યે હાજર રહેવા બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.




**'અચ્છે દિન કબ આયેંગે?'** : દેશના નાગરિકોએ 'અચ્છે દિન'ની આશામાં સરકાર સુધ્ધાં બદલી નાંખી પરંતુ હાથમાં આવ્યું શું? એક તરફ શિક્ષણ, પેટ્રોલ-ડીઝલ, દાળ-તેલ, શાકભાજી, વિજળી સહિત તમામ ચીજવસ્તુઓમાં ભાવવધારો બેકાબુ બની સામાન્ય નાગરિકોને મોંઘવારીના ખપ્પરમાં હોમી રહ્યો છે તો બીજી તરફ સરકાર સર્વિસ ટેક્ષમાં અસહ્ય વધારા જેવા કોરડા પ્રજાની પીઠ પર વીંઝી રહી છે. જેમણે અચ્છે દિનની આશામાં વોટ આપ્યા હતા તેમના જ પેટ પર લાત મરાઈ રહી છે તેવી પરિસ્થિતિ દર્શાવતુ જિલ્લા-શહેર કોંગ્રેસનું આ બેનર ઘણું બધું કહી જાય છે. જો કે અગાઉ દાયકાઓ સુધી કોંગ્રેસના રાજમાં આ બધી સમસ્યાઓ ભોગવી ચૂકેલી પ્રજા તો હવે ઉલમાંથી ચુલમાં ફસાણી છે ત્યારે ખરેખર એ પ્રશ્ન વ્યાજબી જ છે કે ખરેખર પ્રજાના પડખે કોણ છે??

# ચીની ચીજવસ્તુઓના બહિષ્કારના સંદેશા વાઈરલ

## એનએસજીમાં ભારતના પ્રવેશનો વિરોધ કરનાર ચીનને પાઠ ભણાવવા સોશીયલ મીડીયામાં અપીલ, દેશપ્રેમ અને લાગણીના સોશીયલ મીડીયામાં ધોધ વહ્યા

ગાંધીનગર, તા.૨૭

ન્યુકિલયર સપ્લાયર ગ્રુપના ૪૮ દેશોના સંગઠનમાં સામેલ થવાના ભારતના વડાપ્રધાન તથા વિદેશ મંત્રાલયના પ્રયાસોને ચીને જોરદાર વિરોધ કરી દેશવાસીઓની નારાજી વહોરી લીધી છે. જેના પ્રત્યાઘાત સ્વરૂપે સોશીયલ મીડીયામાં ચીની બનાવટની કોઈ પણ ચીજવસ્તુઓ ખરીદવાથી દુર રહેવાની જોરદાર અપીલ થઈ રહી છે. ભારતમાંથી સૌથી વધુ કમાણી કરી લેતા ચીનને આર્થિક રીતે તોડી પાડવા પણ દરેક દેશવાસીને ચાઈના પ્રોડકટ વેચવી કે ખરીદવી નહીં તેવી જાણકારી અપાઈ રહી છે. દેશપ્રેમ અને લાગણીના વચનોથી બાંધીને દેશ માટે કંઈક કરી છુટવાની મળેલી તકનો ઉપયોગ કરવા સોશીયલ મીડીયામાં સંદેશાના ધોધ વહેતા થયા છે.

એનએસજી એ અણુવિદ્યુત અને અણુબોંબ બનાવવા વપરાતા યુરેનિયમ અને થોરીયમના ભંડારો ધરાવતા ૪૮ દેશોનો સમુહ છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વના અનેક દેશની યાત્રા કરીને ભારતને એનએસજી સંગઠનમાં પ્રવેશ મળે તેવા ભરપૂર પ્રયાસો કર્યા છે અને આ પ્રયાસ પાછળ દેશમાં આ પરમાણુઓ થકી વિજળી સસ્તી પેદા કરી શકાય તેવો મૂળભૂત ઉદ્દેશ સમાયેલો હતો. વિશ્વની ઉદારમતવાદી વેપાર નીતીઓના કારણે ખુલ્લા બજારોમાં વેપાર થાય છે અને સસ્તી વિજળી મેળવવા ઉદ્યોગકારો વિદેશમાં ઉદ્યોગ સ્થાપે છે જેથી ભારતીય હુંડીયામણ વિદેશ જતું રહે છે. આ બધી ગંભીર બાબતોના નિવારણ અર્થે એનએસજીમાં પ્રવેશ મેળવવા ભારતના પ્રયાસો સબળ હતા. જેમાં ચીને આ મુદ્દે ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભારતનો ખુલ્લો વિરોધ કર્યો છે. આ સઘળી હકીકત સોશીયલ મીડીયમાં જણાવીને ચીનને ખુલ્લુ પાડવાની અપીલ થઈ રહી છે.

ઉદારમતવાદી કરારોના કારણે ચીન ભારતમાંથી લગભગ ૧૧૦ અબજ ડૉલરનો વકરો કરી જાય છે. જેથી આપણું જ ખાઈને આપણુ જ ખોદે તેવા લોકોને પાઠ ભણાવવા ચીનની કોઈ પણ જાતની બનાવટને વેચવી નહી કે ખરીદવી નહીં તેવી ભારપૂર્વક અપીલ થઈ રહી છે. ભારતના વ્યાપાર ઉપર નભતું ચીન તેની આર્થિક બાબતોથી પડી ભાંગશે ત્યારે જ તેને સબક મળશે તેવું જણાવાઈ રહ્યું છે. ભારતીય હોવાના ગર્વ સાથે દેશ પ્રત્યે પ્રેમ અને લાગણી હોય તો આ સંદેશાને યોગ્ય ગણી ચીની બનાવટોથી દૂર રહેવા વિનંતિઓ થઈ રહી છે. સોશીયલ મીડીયામાં ઉપરોકત વાઈરલ થઈ રહેલા મેસેજની સર્વત્ર ચર્ચાઓ થઈ રહી છે છતાં આ તમામ બાબતો આંતરરાષ્ટ્રીય નીતિઓ આધારિત હોવાનું સ્પષ્ટ પણે બુધ્ધીજીવી વર્ગ માની રહ્યો છે.

## મગોડીમાં દેશી દારૂના અડ્ડા પર દરોડા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીકના મગોડી ગામે છેલ્લા ઘણા સમયથી અનેક ઠેકાણે દેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા હતા ત્યારે આ બાબતે ચિલોડા પોલીસે ગંભીરતા દાખવી આજે મગોડીમાં ત્રણ ઠેકાણે દરોડા પાડી ૩૦૦ લીટર જેટલો દારૂ બનાવવાનો વોશ કિંમત રૂ. ૬૦૦નો દેશી દારૂનો જથ્થો તેમજ અન્ય સામગ્રી જપ્ત કરી હતી. પોલીસે ગેરકાયદેસર દરૂનો ધંધો કરતા દલપત ભયાભાઈ દંતાણી, શરણ ભયાભાઈ દંતાણી અને મુકેશ કાંતી વાઘરી ત્રણેય રહે.મગોડીને ઝડપી પાડયા હતા અને તમામ વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. જેની વધુ તપાસ રાજેશભાઈ મણીભાઈ ચલાવી રહ્યા છે.

## જયોતિ મહિલા મંડળ દ્વારા અથાણા સ્પર્ધાનું આયોજન

જયોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા આગામી તા. ૩૦મી જૂનને ગુરુવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે સે-૧૬, યુથ હોસ્ટેલ ખાતે નગરની બહેનો માટે અથાણાં સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુકોએ સંસ્થાના પ્રમુખ લતાબેન ચોકસી, ઉપપ્રમુખ નીરૂબેન નાયક અને મંત્રી ડૉ. ચેતનાબુચનો સંપર્ક કરવાનો રહેશે. આ સ્પર્ધામાં સ્પર્ધકોએ અથાણામાં બે રેસીપી મુકવાની રહેશે. જેમાં એક ગળ્યું અથાણું અને ખાટું અથાણું આમ બંને અથાણા ઘરેથી બનાવીને લાવવાના રહેશે તેમજ રેસીપી લખીને લાવવાની રહેશે. આ ઉપરાંત કાર્યક્રમમાં બહેનો માટે આરોગ્ય વિષયક પરિસંવાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નગરના જાણીતા મહિલા તબિબ (ગાયનેકોલોજીસ્ટ) ડૉ. અમી શાહ બહેનોને સ્ત્રી રોગ વિષયક સમજ આપશે તો નગરની તમામ બહેનોને આ સ્પર્ધામાં ભાગ લેવા સંસ્થાએ અનુરોધ કર્યો છે.